અપીલ અરજી નં.૪૩ તા.૨૭–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જીવન મેઘરાજ જેઠાણી
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી
(રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીવન મેઘરાજ જેઠાણીની તા.૮–૩–૧૧ ની અરજીથી એસ.એમ.સી. શોપીંગ સેન્ટરમાં અમોએ વેચાણ લીધેલી દુકાનની ભાડાચીઠ્ઠીમાં નામ ટ્રાન્સફર કરવા મુદ્દા નં.૧ તા.૨૧–૧૨–૧૦ ના રોજ કરેલી અરજી અને મુદ્દા નં.૨ તા. ૪–૨–૧૧ થી કરેલ અરજીના અનુસંધાને આજ દિન સુધી અમારી અરજી ઉપર ધ્યાન આપવામાં નથી આવ્યુ એવું લાગે છે. કારણકે અરજી આપને મળી? કે નહીં? તેની પહોંચ પણ તમારી ઓફિસમાંથી લેટર ધ્વારા આજ દિન સુધી જવાબ મળ્યો નથી તેમજ અમારી અરજીનો જવાબ પણ અમને આપવામાં આવ્યો નથી? તેનું કારણ શું? અમે આપેલી અરજીની તમે નિર્ણાયક કાર્યવાહી કરી કે નહી? જો કરી હોય તો શું કાર્યવાહી કરી? અને જો ન કરવામાં આવી હોય તો શું કામ નથી કરવામાં આવી? તેનુંક ારણ શું? તેની વિગતો સાથે કારણ જણાવો.તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૪–'૧૧ ની **SMC/FAP/** નં.૪૩/૨૦૧૧–૧૨

શ્રી જીવન મેઘરાજ જેઠાણીની તા.૮–૩–૧૧ ની અરજીથી એસ.એમ.સી. શોપીંગ સેન્ટરમાં અમોએ વેચાણ લીધેલી દુકાનની ભાડાચીઠ્ઠીમાં નામ ટ્રાન્સફર કરવા મુદ્દા નં.૧ તા.૨૧–૧૨–૧૦ ના રોજ કરેલી અરજી અને મુદ્દા નં.૨ તા. ૪–૨–૧૧ થી કરેલ અરજીના અનુસંધાને આજ દિન સુધી અમારી અરજી ઉપર ધ્યાન આપવામાં નથી આવ્યુ એવું લાગે છે. કારણકે અરજી આપને મળી? કે નહીં? તેની પહોંચ પણ તમારી ઓફિસમાંથી લેટર ધ્વારા આજ દિન સુધી જવાબ મળ્યો નથી તેમજ અમારી અરજીનો જવાબ પણ અમને આપવામાં આવ્યો નથી? તેનું કારણ શું? અમે આપેલી અરજીની તમે નિર્ણાયક કાર્યવાહી કરી કે નહી? જો કરી હોય તો શું કાર્યવાહી કરી? અને જો ન કરવામાં આવી હોય તો શું કામ નથી કરવામાં આવી? તેનું કારણ શું? તેની વિગતો સાથે કારણ જણાવશો.તેની માહિતી આપવા બાબતે ઈ.ચા. ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, (રાંદેર ઝોન) ના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ ૮૭૨ તા.૨૮–૩–૧૧ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૮ તા.૨–૫–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ તા.૨૮–૩–૧૧ ના પત્ર અન્વયે આપે ફી ભરી મેળવેલ પત્ર બાદ કઈ વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૨૬ તા.૬–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની તા.૮–૩–૧૧ ની રાંદેરઝોનમાં આપેલી મુળ અરજીની નકલ, અરજદારની તા.૧૧–૧–૦૭,૨૭–૬–૦૭ ની અરજી., સેન્ટ્રલઝોન જાહેર માહિતી અધિકારીને અરજદારે સરખા વિષયે તા.૭–૩–૧૧ ના રોજ કરેલી માહિતી માંગતી અરજી સે.ઝોન/આરટીઆઈ સેલ/૧૭૭૪ તા.૮–૩–૧૧ થી વેસ્ટઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની તા.૨૧–૧૨–૧૦ ની અરજી. અસરગ્રસ્તોને ફાળવેલ જગ્યાના ટ્રાન્સફર અંગે સ્થા.સ.ઠ. નં.૩૪૩/ ૨૦૦૩ ની ઠરાવની નકલ , જવાહરલાલ વાસવાનીની રૂા.૫૮૮૬૦/–ભર્યાની રસીદ નં.૨૭૦૮૭૦ તા.૫–૮–૯૭ ની નકલ, દુકા નં.૬ ની તા.૧૩–૮–૯૭ ના રોજ કરેલ ફાળવણીની કબ્જા રસીદની નકલ, જવાહરલાલ વાસવાનીએ જીવન મેઘરાજ જેઠાણી અને પરસોત્તમ મેઘરાજ જેઠાણી કબ્જો સુપ્રત કર્યા અંગે તા.૯–૫–૦૩ ના રોજ બનાવેલ કબ્જા રસીદની નકલ, જવાહરલાલ વાસવાનીનું તા.૧૦–૧–૦૭ ના રોજ બનાવેલ સંમતિપત્રની નકલ, તા.૫–૪–૧૦ ના રોજ સદર દુકાનની વેરા રસીદની નકલ તથા તા.૧–૯–૧૦ ના સદર દુકાનની પ્રો. ટેક્ષ ભર્યાની રસીદ, સદર દુકાનના વેસ્ટઝોન/ દુકાન/અડાજણ/૧૦૦૨૬૨ સપ્ટે. ૨૦૦૩ નું ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્રની નકલ, સુરત મહાનગરપાલિકામાં જવાહરલાલ વાસવાનીએ ભરેલ ભાડા રસીદ નં.૪૨૫૦૯ તા.૫–૧–૦૭ , રસીદ નં.૪૯૮૦૨૬ સને ૨૦૦૮તથા રસીદ નં.૨૭૨૧૭ તા.૬–૮–૧૦ ની નકલ, અરજદારે તા.૨૭–૯–૧૦ અને તા.૪–૨–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન /આરટીઆઈ/ ૮૭૨ તા.૨૮–૩–૧૧ ના પત્રની નકલ, વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૯ તા.૮–૪–૧૧ ના રોજ અરજદારને દસ્તાવેજ ફી ભરપાઈ કરવા માટે પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૨–૫–૧૧ નો પૂરક વિગતના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૮–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. તેમજ તેની નકલની બીજી અરજી તા.૭–૩–૧૧ ના રોજ સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી તે અરજી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૭૪ તા.૮–૩–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૭૨ તા.૨૮–૩–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં તા.૨૧–૧૨–૧૦ ના રોજ કરેલી અરજી અને મુદ્દા નં.૨ તા. ૪–૨–૧૧ થી કરેલ અરજીના અનુસંધાને આજ દિન સુધી અમારી અરજી ઉપર ધ્યાન આપવામાં નથી આવ્યુ એવું લાગે છે. કારણકે અરજી આપને મળી? કે નહીં? તેની પહોંચ પણ તમારી ઓફિસમાંથી લેટર ધ્વારા આજ દિન સુધી જવાબ મળ્યો નથી તેમજ અમારી અરજીનો જવાબ પણ અમને આપવામાં આવ્યો નથી? તેનું કારણ શું? અમે આપેલી અરજીની તમે નિર્ણાયક કાર્યવાહી કરી કે નહી? જો કરી હોય તો શું કાર્યવાહી કરી? અને જો ન કરવામાં આવી હોય તો શું કામ નથી કરવામાં આવી? તેનું કારણ શું? તેની વિગતો સાથે કારણ જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સુમપા ધ્વારા ફાળવવામાં આવેલ દુકાનની જમીનના ટેનન્સી હકકો વેચાણ ટ્રાન્સફર કરવા બાબતે જમીનની ટ્રાન્સફર કરવાના વર્ષમાં જે બજાર કિંમત હોય તેના ૩% રકમ ટ્રાન્સફર ફી તરીકે વસુલ લેવાનું ઠરાવવામાં આવેલ હોય અને બજાર કિંમત નકકી કરવાની કામગીરી ટાઉન પ્લાનીંગ વિભાગ મુખ્ય કચેરી મુગલીસરા ધ્વારા કરવામાં આવતી હોય, સદર કામગીરી હાલમાં પ્રગતિમાં છે. સદર બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની નકલ પ્રતિ નકલના રૂા.૨/– લેખે રૂા.૨/– જમા કરાવ્યેથી મેળવી શકાશે તેવું જણાવેલ છે. ત્યાર બાદ અરજદારને નાણા નહીં ભરતા અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૯ તા.૮–૪–૧૧ થી પુનઃ જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૩૯૯૬૬ તા.૧૫–૪–૧૧ થી રૂા.૨/– ભરપાઈ કરેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૭–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને અપીલના આધારમાં નામ ટ્રાન્સફરની કાર્યવાહીમાં અત્યંત વિલંબ થયેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે વારંવાર અરજીઓ કરવાથી કોઈ જવાબ નહીં મળતાં તા.૮–૩–૧૧ ના રોજ માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. અને જેનો પ્રત્યુત્તર જાવક નં.૮૭૨ તા.૨૮–૩–૧૧ ના રોજ મોકલેલ. જેમાં અરજદારે જમીન મિલ્કત ખાતામાં યોગ્ય તપાસ ન કરતાં આપેલા જવાબથી સમસ્યાથી સમાધાન કરવાના નિર્ણયથી અસંતોષ તેમજ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નામ ટ્રાન્સફર કરવા અંગે ટ્રાન્સફર ફી ની વિગતો તથા તે કયા આધારે અને કયા વિભાગ ધ્વારા થાય છે તથા તેની હાલની સ્થિતિ અંગેની વિગતો જણાવવામાં આવેલ છે. તેમજ તે અંગે વેસ્ટઝોન/આનં..૩૧૮૬ તા.૧–૨–૧૧ ના પત્રથી ટાઉન પ્લાનીંગ વિભાગને કિંમત નકકી કરવા પાઠવેલ પત્રની નકલ પણ રજૂ કરેલ છે. આમ અરજદારની અરજી બાબતે થયેલી કાર્યવાહીની વિગતો જણાવેલ છે. જેમાં અરજદારનો મુખ્ય પ્રશ્ન નામ ટ્રાન્સફર ચઢાવવા બાબતેનો છે. અરજદારને નામ ટ્રાન્સફર કરી ભાઠા ચિઠ્ઠીમાં નામ દાખલ કરવાના હુકમ કરવાની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે ફી ભરી મેળવેલ પત્ર બાદ કઈ વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારે તા.૨૭–૪–૧૧ ની અપીલ ફોર્મ સાથે બધા જ લાગતા વળગતા કાગળોનું બીડાણ કરેલ છે. પરંતુ અરજદારે માહિતીની નારાજગીની વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી. આમ અરજદારની રજૂઆત માહિતી મેળવવા બાબતે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે પરંતુ નામ ટ્રાન્સફર કરી ભાડા ચિઠ્ઠીમાં ચઢાવવા બાબતે કાર્યવાહીની લગતી અપીલમાં રજૂઆત કરવામાં આવે છે. જે બાબતે અત્રેથી આરટીઆઈ સેલ/૨૪૦ તા.૨૩–૫–૧૧ થી કાર્યવાહી અંગે પત્ર પાઠવવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજદાર નામ ટ્રાન્સફર અંગેની કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર કામગીરી હાલમાં પ્રગતિમાં છે તેવું જણાવેલ છે તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જીવન મેઘરાજ જેઠાણી,